## જન્મદિને વધામણી



**ચંદ્રકાન્તભાઈ વી સુખડીયા**
વૃન્દાવન સ્વીટ્સ
મો. ૯૮૨૫૭ ૩૮૬૮૬



**શિવાભાઈ જે પટેલ**
પ્રમુખ, સેક્ટર-૭ એ વસાહત મં.ડળ, ગાંધીનગર
ચેરમેન, શિક્ષણ સમિતિ, ઉમિયા માતાજી સંસ્થાન
મો. ૯૯૭૮૪ ૫૫૧૯૦

## ગાંધીનગરમાં જાણીતા સર્જક મધુ રાયની ઉપસ્થિતિમાં 'વાર્તાયન પર્વ'નો પ્રારંભ



ગાંધીનગર, તા. ૩૧

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આજકાલ દરેક સોમાંથી ૯૮ લોકો ગઝલો લખે છે પરંતુ માનવીની મૂળભૂત લાગણીઓને ઝીલતું સાહિત્ય સ્વરૂપ વાર્તા આજે સાવ વિલિન થવાના આરે છે ત્યારે ગુજરાતી સાહિત્યમાં આવતી કાલના વાર્તાકારો માટેનું આજનું વાર્તામાસિક " મમતા " મધુ રાયના સંપાદનમાં છેલ્લા સાત વર્ષથી નિયમિત પ્રગટ થાય છે. આ મમતા દ્વારા પ્રસ્તુત ગુજરાતી ભાષાના જાણીતા નાટ્યકાર - વાર્તાકાર મધુ રાયની પ્રેરણાથી અને કનૈયાલાલ ભટ્ટના વિચારથી તા. ૩૦, જાન્યુઆરીના રોજ મધુ રાયની અધ્યક્ષતામાં એમને ઘેર " વાર્તાયન " પર્વ -૧ ની બેઠક મળી હતી. જેમાં આરંભે આ "વાર્તાયન" શરું કરવાનો વિચાર અને તેના હેતુઓ તથા આગામી કાર્યક્રમોની રૂપરેખા કનૈયાલાલ ભટ્ટે આપી હતી. આ પ્રસંગે કેશુભાઈ દેસાઈ અને પ્રવીણ ગઢવીએ પોતાની વાર્તાઓનું વાંચન કર્યું હતું અને ઉપસ્થિત સૌ સર્જક, ભાવકોને એ બન્ને વાર્તાઓની સમીક્ષાત્મક ચર્ચાઓ કરી હતી. દર મહિને બે વાર્તાકારોને નિમંત્રિત કરીને એમની વાર્તાઓનું વાંચન, ચર્ચા વિચારણા અને વાર્તા સ્વરૂપનું માર્ગદર્શન આપવાની નેમ સાથે શરૂ થયેલા આ પ્રકલ્પને સૌ કોઈએ વધાવી લીધો હતો. આ પ્રસંગે મધુ રાયે આ વાર્તાજ્યોતને હંમેશાં પ્રજ્વલિત રાખવાની સૌને અપીલ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત જાણીતા કવિ હરિકૃષ્ણ પાઠકે આ પ્રવૃતિને બિરદાવી હતી.

આ "વાર્તાયન"ના પ્રથમ પર્વમાં સર્વશ્રી રાઘવજી માધડ, પુલક ત્રિવેદી, રમેશ ઠક્કર, એ.વી.ઠાકર, કિશોર જિકાદરા, પ્રજ્ઞાબેન પટેલ, ડૉ. કિરીટ શુકલ, પ્રો. સંજય પટેલ, સંજય થોરાત, નટવર હેડાઉ, ભરત કવિ, કલ્પેશ પટેલ, બિપિન પંડ્યા, ધર્મેન્દ્ર ત્રિવેદી, ગિરીશ નિલગિરિ, અમૃત પટેલ, કલ્પેશ ભટ્ટ વગેરે કવિ લેખકો, ભાવકો હાજર રહ્યા હતા.

## વિપુલ રામાણી પીએચડી થયા



ગાંધીનગર, તા. ૩૧

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠમાં સંશોધન મદદનીશ તરીકે સેવા આપતા વિપુલ ચંદુભાઈ રામાણી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ખાતે શામળદાસ આર્ટ્સ કોલેજના સહાયક પ્રાધ્યાપકશ્રી ડૉ.અનિલભાઈ એસ. વાઘેલાના માર્ગદર્શન હેઠળ "મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના: એક મૂલ્યાંકન – સમાજકાર્યની દ્રષ્ટિએ અભ્યાસ" (ડાંગ જીલ્લાના સંદર્ભમાં) વિષય પર તા. ૨૯/૦૧/૨૦૧૮ના રોજ સમાજકાર્ય વિષયમાં પીએચ.ડી. (Ph.D.)ની પદવી પ્રાપ્ત કરેલ છે.

## ગૂજરાત વિદ્યાપીઠ, સાદરામાં કવિ સંમેલન યોજાયું : ગાંધીનગરના ત્રણ કવિઓ ઉપસ્થિત




ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયૂક્ત ઉપક્રમે તા. ૨૯ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૧૮ ત્રણ દિવસીય વાચન શિબિર મહાદેવભાઈ દેસાઈ ગ્રામસેવા મંદિર, સાદરા ખાતે યોજાઈ હતી. જેમાં તા. ૩૦ જાન્યુઆરીની રાત્રે એક કવિ સંમેલન યોજાયું હતું, જેમાં શ્રી ઉષાબેન ઉપાધ્યાય, કવિ કનૈયાલાલ ભટ્ટ, કિશોર જિકાદરા, ધ્વનિલ પારેખ અને પ્રજ્ઞાબેન પટેલે પોતાની કવિતાઓ રજૂ કરી હતી. કવિ સંમેલનનું સંચાલન ધ્વનિલ પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

## ૬ દિવસીય જીવન વિદ્યા પરિચય શિબિર યોજાયો



### વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ મોટી સંખ્યામાં શિબિરમાં ભાગ લીધો

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૬ દિવસીય જીવન વિદ્યા પરિચય શિબિરનું આયોજન એલડીઆરપી, સેક્ટર-૧૫ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે જીવનવિદ્યા અભ્યાસક્રમ આઈઆઈટી, દિલ્હી, કાનપુર, હેદરાબાદ, પંજાબ ટેકનીકલ યુનિવર્સિટીમાં પણ ભણાવવામાં આવે છે. શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે યુનિવર્સિટીના ડિરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા અને ડૉ. ધર્મેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શિબિર સંસ્થાના ચૅરમૅન વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી, જેનું સફળ આયોજન અને સંચાલન ડૉ. ધર્મેન્દ્ર પટેલ, મનન પટેલ, બોની પ્રજાપતિ, નિષ્ઠા મહેતા, સ્મિત પટેલ, પાર્થ પટેલ, ગુંજન પનારા, અદિતિ પટેલ, સુરજ મુંજાણી, મીત કોયાણી, વિજેન્દ્ર દેવડા, તાહેર ત્રવાડી, તાહેર તીનાવાલા અને જૈનમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## સ્કૂલ ઓફ અચિવરમાં પેરેન્ટ્સ સ્પોર્ટ્સ ડે



ગાંધીનગર, તા. ૩૧

'પાર્ટનરશીપ વીથ પેરેન્ટ્સ' ના ભાગરૂપે સ્કૂલ ઓફ અચિવર પ્રતિવર્ષ પ્રજાસત્તાક દિને જ પેરેન્ટ્સ સ્પોર્ટ્સ ડે યોજે છે. આ વર્ષે પણ તા.૨૬ જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી બાદ પેરેન્ટ્સ સ્પોર્ટ્સ ડે યોજાયો હતો.

શાળાના સેન્ટ્રલ કોર્ટ યાર્ડમાં ખૂબ આનંદભર્યા વાતાવરણમાં પદ્ધતિસર અને સફળતાપૂર્વક યોજાયેલા આ સ્પોર્ટ્સ ડેમાં લગભગ ૫૦૦ જેટલા માતા-પિતાએ વ્યક્તિગત રીતે તથા યુગલ તરીકે મોટી સંખ્યામાં જોડાઈને પોતાની પસંદગીની રમતોમાં પોતાનું શ્રેષ્ઠ પર્ફોર્મન્સ રજૂ કર્યું હતું.

પેરેન્ટ્સને વિવિધ ગ્રુપની મનોરંજક રમતોમાં રમતાં જોવાનો શાળાનાં બાળકોને અનેરો આનંદ મળે, સંસ્થાના વિશિષ્ટ કાર્યક્રમોમાં પેરેન્ટ્સ પારિવારિક ભાવનાથી જોડાય અને આત્મીયતા વધે, યુવા પેરેન્ટ્સની શાળા/કોલેજ સમયની વિવિધ રમતોની સ્મૃતિ તાજી અને ઉજાગર થાય, પેરેન્ટ્સ દ્વારા પોતાના પાલ્યને પ્રેમ, પ્રેરણા અને પ્રોત્સાહનનું પ્રેરક ભાથું મળી રહે તે હેતુથી યોજાયેલા પેરેન્ટ્સ સ્પોર્ટ્સ ડે માં બાળકોના વાલીઓએ વિવિધ ગ્રુપની રમતોમાં જોડાઈને, ખેલદિલીથી રમીને, શાળાના આયોજનને ભારે ગૌરવ સાથે સફળતા અપાવી હતી, જેમાં વિવિધ મનોરંજક રમતોમાં સૌ જોડાયા હતા. રમતો હતી... લેડીઝ ગેમ્સ કોમ્પિટીશન (૧) બોલ બિટવીન લેગ્ઝ, (૨) ટાયર રેસ, (૩) સ્કીપિંગ રોપ રેસ, જેન્ટ્સ ગેમ્સ કોમ્પિટીશન (૧) પોટ બેલેન્સિંગ, (૨) હૂપ રેસ, કપલ્સ ગેમ્સ કોમ્પિટીશન (૧) બેલ રીંગિંગ (૨) બોલ બિટવીન પાર્ટનર્સ, (૩) કેરી યોર પાટનર, જનરલ ગેમ્સ કોમ્પિટીશન (૧) ઈસકી ટોપી ઉસકે સર... પેરેન્ટ્સ સ્પોર્ટ્સ ડે માં મોટી સંખ્યામાં વાલીઓએ ઉત્સાહથી અને જુસ્સાથી ભાગ લીધો હતો. પેરેન્ટ્સને રમતાં, દોડતાં અને ગેમ્સમાં જોડાતાં જોઈ બાળકોને ખૂબ મજા પડી હતી.

સંસ્થાના ટ્રસ્ટીશ્રી પ્રજ્ઞેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સ્કૂલના એક્ટિવિટી એન્ડ ઈવેન્ટ્સ ડિપાર્ટમેન્ટના આયોજન હેઠળ સમગ્ર સ્ટાફ-સભ્યોના સહયોગથી પેરેન્ટ્સ-સ્પોર્ટસ-ડે ખૂબ સફળ રહ્યો હતો. શાળા પરિવાર તરફથી વિજેતા વાલીઓને મેડલ અર્પણ કરી પ્રોત્સાહિત કરાયા હતા તેમજ ભાગ લેનાર તમામ વાલીઓનો આભાર માની હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# જો શિક્ષક સજ્જ નહીં હોય તો રાષ્ટ્ર નબળું રહી જશે



### જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા 'મારી શાળા મારું ગૌરવ' પ્રૉજેક્ટ અંતર્ગત ગાંધીનગર શહેરની પ્રાથમિક શાળાઓ માટે સુંદર નાટ્યસ્પર્ધા યોજાઈ : ૩૦ શાળાઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૩૧

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા 'મારી શાળા મારું ગૌરવ' પ્રૉજેક્ટ અંતર્ગત ગાંધીનગર શહેરની પ્રાથમિક શાળાઓ માટે નાટ્ય સ્પર્ધાનું આયોજન મંગળવાર અને બુધવારે ભવનના પ્રાર્થના હૉલ ખાતે કરવામાં આવ્યું હતું.

શિક્ષણ-તાલીમ ભવનના પ્રાચાર્ય ઈન્દ્રવદન પટેલે સ્પર્ધાના પ્રારંભે સ્વાગત પ્રવચન કરતાં પ્રૉજેક્ટ તથા સ્પર્ધાની ભૂમિકા પ્રસ્તુત કરી હતી અને સ્પર્ધકોને સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.

સ્પર્ધાના સંયોજક રાજેન્દ્ર રાવલે સ્પર્ધાના નિયમો અંગેની જાણકારી તથા નિર્ણાયકોનો પરિચય સ્પર્ધક શાળાઓને પૂરો પાડ્યો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ભીખુ કવિ, બિંદુબેન ઝાલા અને કુંતલ નિમાવત દ્વારા પોતાની સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

સ્પર્ધાના પ્રથમ દિવસે ગાંધીનગર શહેરનાં ત્રણ કલસ્ટરની ૧૫ શાળાઓ અને બીજા દિવસે પણ ત્રણ કલસ્ટરની ૧૫ શાળાઓએ નાટ્યની પ્રસ્તુતિ કરી હતી.

આ સ્પર્ધાની વિશેષતા એ હતી કે સ્પર્ધકોએ પોતાના અભ્યાસક્રમમાં આવતા પાઠને આધારિત નાટકની ભજવણી કરવાની હતી. હેતુ એ હતો કે આનાથી અભ્યાસમાં આવતા પાઠ વિશે વિદ્યાર્થી વધુ ધ્યાન આપે અને તેને નાટક સ્વરૂપે ભજવે તો એ પાઠ તેને કાયમ માટે યાદ પણ રહી જાય.

સ્પર્ધાની બીજી વિશેષતા એ હતી કે નાટક માટેની ટીમમાં દિવ્યાંગ બાળકની સામેલગીરી માટે ૧૦ માર્કની ફાળવણી કરવામાં આવી હતી. એ ઉપરાંત વિષય પસંદગી, રજૂઆત, અભિનય માટે થઈને ૪૦ મળીને કુલ ૫૦ માર્ક્સ નાટ્યની પ્રસ્તુતિ માટે રાખવામાં આવ્યા હતા.

સ્પર્ધાના બંને દિવસો દરમિયાન ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પોતાના અભિનય અને નાટ્ય કૌશલની પ્રસ્તુતિ કરી હતી.

સ્પર્ધાના અંતે ભીખુભાઈ કવિએ નાટકના વિષયવસ્તુ અને સ્ક્રીપ્ટ માટે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે શિક્ષકો તથા વિદ્યાર્થીઓને વિગતે માર્ગદર્શન આપ્યું હતું તથા અભિનય, પ્રસ્તુતિ અને નાટ્યના આનૂષંગિક અંગો અંગેની માહિતી બિંદુબેન ઝાલા દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

કુંતલ નિમાવત દ્વારા શિક્ષકોને ન માત્ર નાટ્ય માટે પરંતુ કોઈપણ વિષય માટે તૈયાર રહેવાની ભારપૂર્વક ભલામણ કરતાં જણાવવામાં આવ્યું હતું કે શિક્ષક તો સજ્જ હોવા જ જોઈએ. જો શિક્ષક સજ્જ નહીં હોય તો રાષ્ટ્ર નબળું રહી જશે. અત્યંત ઉત્તેજનાસભર વાતાવરણમાં તેમના દ્વારા વિજેતા સ્કૂલસનાં નામની જાહેરાત કરવામાં આવી હતી.

આ સ્પર્ધામાં સૅક્ટર-૬, ૮, ગોકુળપુરા, ઈન્દ્રોડા-૨, સૅક્ટર-૨૨, ધોળાકૂવા, સૅ.૧૩/૨, ૧૬, ૨, ૭, ૧૨, ૧૩/૧, ૩ ફતેપુરા, આદિવાડા, સૅ. ૨૦/૨, ૨૭, ૨૯/૨, ૨૮/૨, ૨૦/૧, ૨૪/૨, ૨૮/૧, ૩૦, ૨૯/૧, ૨૪/૧, ૨૩, બોરીજ, પાલજ અને બાસણની સરકારી પ્રાથમિક શાળાઓએ ભાગ લીધો હતો. શિક્ષકોએ વિદ્યાર્થીઓને નાટકો તૈયાર કરાવ્યાં હતાં.

**નાટ્ય સ્પર્ધામાં વિજેતા શાળાઓ**

| ક્રમ | શાળાનું નામ | નાટક |
|---|---|---|
| ૧. | સ.પ્રા.શાળા, સૅ. ૨૪/૧ | યહ ભી એક પરીક્ષા હે |
| ૨. | સ.પ્રા.શાળા, સૅ. ૧૩/૨ | શેઠ જગડુશા |
| ૩. | ગોકુળપુરા સ. પ્રા. શાળા | યહ ભી એક પરીક્ષા હે |
| ૪. | સ.પ્રા.શાળા, સૅ. ૩ | સચ્ચા હિરા |
| ૫. | સ.પ્રા.શાળા, સૅ. ૨૮/૨ | સચ્ચા હિરા |